શ્રમ આયુકતની કચેરી,
ગુજરાત રાજય,ISO 9001:2015
બ્લોક નં. ૧૧,૧૨ અને ૧૪,
ઉધોગભવન,બીજોમાળ,
સેકટર-૧૧,ગાંધીનગર- ૩૮ ૨૦૧૧,
☏૦૭૯ ૨૩૨૫૭૫૩૮, ફેકસ નં. ૦૭૯ ૨૩૨૫૭૫૧૩
Web: WWW.col.gujarat. gov.in

Office of Labour Commissioner,
Gujarat State,ISO 9001:2015
Block NO. 11, 12, & 14,
UdhyogBhavan 2nd Floor,
Sector-11.Gandhinagar-38 2011.
☏No. 079 23257538/07923257513
Web: WWW.col.gujarat.gov.in

ચૂંટણી પંચ ચૂં.તા.તા.૨૧-૨-૨૦૨૧ તથા.૨૮-૨-૨૧

સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા

ક્રમાંકઃ શ્ર.આ.૭(પ)રાચઆ-ચટણ-સ્થા.સ્વ.ન./૨૦૨૧/110-120

તારીખ - 10/2/2021

વંચાણે લીધોઃ- રાજય ચુંટણી આયોગ,સચિવાલય,ગાંધીનગરનાં
પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ સ્થા. સ્વ/૧૧૦(૧)--૦૧૨૦૨૧-ક તા.૨૩/૧/૨૦૨૧.

## પ રિ પ ત્ર

રાજય ચુંટણી આયોગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ/ચટણ/ સ્થા. સ્વ/૧૧૦(૧)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૧/૨૦૨૧થી રાજયની આ સાથેના પત્રક મુજબની ૬ મહાનગરપાલિકા, અને જુનાગઢ મહાનગર પાલિકાની ૨ બેઠકોની પેટા ચૂંટણી માટે મતદાન તા.૨૧-૨-૨૦૨૧,રવિવાર, તથા ૮૧ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વ રાજયના એકમોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી મતદાનની તારીખ- ૨૮/૨/૨૦૨૧ રવિવાર ના રોજ યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે

આથી, રાજયમાં તા.૨૧/૨/૨૦૨૧, તથા તા.૨૮/૦૨/૨૦૨૧ યોજાનારના રોજ મહાનગરપલિકાઓ/ નગરપાલિકાઓ/ જિલ્લા પંચાયતો / તાલુકા પંચાયતો સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વરાજયના એકમોની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ)એકટ-૨૦૧૯ હેઠળ

(૧) મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતા હોય તો તેમને મતદાનના દિવસે સવેતન રજા આપવી.

(૨) ઉપર ક્રમ (૧) માં જણાવેલ કોઇપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં. અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહીં મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(3) જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ(૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરી દાતા લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ–૧ અથવા પેટા કલમ-૨ની જોગવાઇ મુજબ ૫૦૦/- રૂા સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) આ કલમ એવા કોઇપણ મતદારોને લાગુ નહીં પડે કે જે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણામે તેમ હોય.

(૫) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકકદાર છે.

બિડાણઃ- ઉપર મુજબ.

શ્રમ નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭(૫)/સ્થા.સ્વા.ન.ચૂંટણી.તા.૨૧/૨/૨૧ અને તા.૨૮-૨-૨૧/ચુંટણી/૨૦૨૧ 110120 O/C

તારીખઃ- 10/2/2021

પ્રતિ,

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪) સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ,,બ્લોક નં.૯,કઠ્ઠોમાળ,સચિવાલય,ગાંધીનગર.તા.૨૩-૧-૨૦૨૧ના પત્રક્રમાંકઃ રાચઆ-ચટણ-સ્થા.સ્વ.૧૧૦(૧)-૦૧૨૦૨૧-ક અન્વયે જાણ સારૂ.

(૫) સેકશન અધિકારીશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ,ગાંધીનગર. તા.૨૯/૧/૨૦૨૧ના, પત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૨૧ -૧૫૭- સંકલન, અન્વયે જાણ સારુ.

(૬) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ/રાજકોટ/વડોદરા/સુરત તાબાની તમામ કચેરીને જાણ કરવી.

(૭) નિયામકશ્રી, માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૮) સિલેકટ ફાઇલ.